# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪/13792 તા.૧૯/૦૯/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, સરકારી, બિન સરકારી માધ્યમિક શાળાઓ, તમામ
જિ.સુરત

**વિષય:-** પરક - રાષ્ટ્રીય ૨૦૨૪ ( NAS-National Achievement Survey ) પૂર્વતૈયારીના ભાગરૂપે BISAG પ્રસારણ નિહાળવા બાબત.

**સંદર્ભ:-** જીસીઈઆરટીનાં પત્ર ક્રમાંક નં.પીઈસી/૨૦૨૪-૨૦૭૧૮-૧૯ તા.૧૭/૦૯/૨૦૨૪

આ સાથે સામેલ જીસીઈઆરટીનાં પત્ર ક્રમાંક નં.પીઈસી/૨૦૨૪-૨૦૭૧૮-૧૯ તા.૧૭/૦૯/૨૦૨૪નો પત્ર અન્વયે. પરક - રાષ્ટ્રીય ૨૦૨૪ (NAS-National Achievement Survey) પૂર્વતૈયારીના ભાગરૂપે BISAG પ્રસારણ નિહાળવા તમામ શાળાઓને અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

20969 - 21085


નિયામક

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : જીસીઈઆરટી/ NAS- 2024/૨૦૨૪-૨૫/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in


તારીખ : /૦૯/૨૦૨૪

18 SEP 2024

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

શાસનાધિકારીશ્રી

તમામ, ગુજરાત રાજ્ય

**વિષય:** પરખ – રાષ્ટ્રીય ૨૦૨૪ (NAS- National Achievement Survey) પૂર્વતૈયારીના ભાગરૂપે BISAG પ્રસારણ નિહાળવા બાબત..

શ્રીમાન,

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે NAS(National Achievement Survey) એ રાષ્ટ્રીય કક્ષાએ યોજવામાં આવતો મોટા પાયાનો શૈક્ષણિક સિદ્ધિ સર્વે છે. આ સર્વે નિયત વર્ષે જુદા જુદા ધોરણોના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવે છે. ભારત સરકારના MoE(Ministry of Education) દ્વારા રાષ્ટ્રના પસંદગીના જિલ્લાઓની પસંદગીની સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, ખાનગી શાળા અને સેન્ટ્રલ શાળાઓના પસંદગીના ધોરણના વિદ્યાર્થીઓના વિષયોની શૈક્ષણિક સિદ્ધિ જાણવાનો સંશોધનાત્મક પ્રયાસ કરવામાં આવે છે.

**પરખ – રાષ્ટ્રીય ૨૦૨૪ (NAS) સંભવતઃ 03 ડીસેમ્બર 2024 ના રોજ ધોરણ 3,6 અને ધોરણ 9 માં યોજવામાં આવનાર છે.**

નવેમ્બર માસમાં યોજાનાર NAS માં વધુ સારું પરિણામ મેળવવા માટે વિદ્યાર્થીઓને વધુ મહાવરો કરાવી શકાય તે માટે BISAG મારફતે ધોરણ ૩, 6 અને ૭ના વિવિધ વિષયોનું અધ્યાપન NASને ધ્યાને લઈને કઈ રીતે કરાવવું, પ્રશ્નોનો મહાવરો કેવી રીતે કરાવવો, વિદ્યાર્થીઓને પ્રશ્નોના જવાબ સીધે સીધા ન આપી દેતા તેની પ્રક્રિયા કેવી રીતે કરી સાચા જવાબ સુધી જવું તેની સમજ આપવામાં આવનાર છે. વર્ગખંડમાં વિષય શિક્ષકશ્રી આ રીતે જ વિવિધ વિષયોનું અધ્યાપન કાર્ય કરાવે તે ઇચ્છનીય છે. વિદ્યાર્થીઓને આવાં પ્રકારના પ્રશ્નો તેમજ અગાઉ લેવાયેલ NAS અને GASના પ્રશ્નોનો વધુમાં વધુ મહાવરો કરાવવાનો રહેશે. આ પ્રકારના પ્રશ્નોની પ્રશ્નબેંક GCERTની વેબસાઈટ પર મૂકવામાં

19/9/24

આવેલ છે. આ સાથે નીચે દર્શાવેલ સમયપત્રક મુજબ લાગુ પડતા ધોરણના વિષય શિક્ષકશ્રીઓ આ પ્રસારણ નિહાળે તે બાબતે આપની તાબાની શાળાને જાણ કરવા વિનંતી.

| Episode No | તારીખ | સમય | ધોરણ 3 | ધોરણ 6 | ધોરણ 9 |
|---|---|---|---|---|---|
| પ્રસારિત કરવામાં આવનાર ચેનલ નંબર | | | PM evidhya ચેનલ નં. 80 | વંદે ગુજરાત ચેનલ નં.6 | વંદે ગુજરાત ચેનલ નં. 9 |
| 1 | 21/09/2024 | 10:00 થી 11:00 | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી |
| 2 | 28/09/2024 | 10:00 થી 11:00 | ગણિત | ગણિત | ગણિત |
| 3 | 05/10/2024 | 10:00 થી 11:00 | પર્યાવરણ | પર્યાવરણ | વિજ્ઞાન |
| 4 | 12/10/2024 | 10:00 થી 11:00 | ગુજરાતી | ગુજરાતી | સામાજિક વિજ્ઞાન |
| 5 | 19/10/2024 | 10:00 થી 11:00 | ગણિત | ગણિત | સામાજિક વિજ્ઞાન |
| 6 | 26/10/2024 | 10:00 થી 11:00 | પર્યાવરણ | પર્યાવરણ | વિજ્ઞાન |

આ માટે જિલ્લા કક્ષાએથી લઈને સીઆરસી કક્ષા સુધી મોનીટરીંગ ગોઠવવાનું રહેશે. સીઆરસીકો. બીઆરસીકો, બીટ કેળવણી નિરીક્ષક, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, ડાયટ લાયઝનશ્રીએ પોતાના લાગુ પડતા ક્ષેત્રમાં સઘન મોનીટરીંગ કરી શિક્ષક તેમજ વિદ્યાર્થીઓને પ્રેરિત કરવાના રહેશે. જો કોઈ શિક્ષકશ્રી bisag પ્રસારણ નિહાળી ન શકે તો GCERT ની YOU TUBE ચેનલ મારફતે પણ પ્રસારણ નિહાળી શકશે.

NAS – 2024માં રાજ્યના વિદ્યાર્થીઓ સારું પ્રદાન આપી શકે તે માટે પૂરતા શાળા કક્ષાએથી લઈને પૂરતા પ્રયાસો સહિયારા પ્રયાસો હાથ ધરવાના રહેશે તેની વિગતો શાળા સુધી પહોંચાડવા વિનંતી.

આભાર સહ ...

(પી.કે.ત્રિવેદી)
નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ રવાના :

- માન. સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન(જરૂરી અનુકાર્ય કરવા સારૂં)